# ગ્રાહક સુવિધા કેન્દ્ર સ્થાપવા અમ. CIRCની પસંદગી




**અમદાવાદ** | કેન્દ્ર સરકારના કન્ઝ્યુમર એફેર્સ ડિપાર્ટમેન્ટે, પશ્ચિમ ઝોન માટે અમદાવાદમાં ગ્રાહક સુવિધા કેન્દ્ર સ્થાપવા કન્ઝ્યુમર એજ્યુકેશન એન્ડ રિસર્ચ સેન્ટર (સીઈઆરસી)ની પસંદગી કરી છે. નવીદિલ્હીમાં તા.18 માર્ચે યોજાયેલા સમારોહમાં કેન્દ્રના કન્ઝ્યુમર એફેર્સ, અન્ન તથા જાહેર વિતરણ મંત્રી રામ વિલાસ પાસવાને, સીઈઆરસીના ચેરમેન ડો. વી. જી. પટેલને આ અંગેનો ઈરાદાપત્ર સુપરત કર્યું હતું. પશ્ચિમ ઝોન માટેના ગ્રાહક સુવિધા કેન્દ્રમાં ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનને આવરી લેવાશે. ગ્રાહકોની ફરિયાદો અને મુશ્કેલી અંગે માર્ગદર્શન આપવા પ્રારંભમાં ગ્રાહક સુવિધા કેન્દ્ર ત્રણ વર્ષ માટે કાર્યરત રહેશે.